# રાજુની પ્રામાણિકતા

– પોપટલાલ મંડલી

મહાપુરુષો કહી ગયા છે કે સત્ય કદી હારતું નથી. અસત્ય જ હારે છે. આ સૂત્રને જીવનમાં સ્થાન આપી જીવતર જીવે છે તે સફળ બને છે. સુખ એને છોડીને ક્યાંય જતું નથી.

તેર વરસનો રાજુ આવો સત્યનો ઉપાસક હતો. એ ચૌદમા વરસમાં પ્રવેશતો હતો ત્યાં જ તેના પિતાનું અવસાન થયું. તેને ત્રણ ભાઈ–બહેન હતાં. એ અને માતા સહિત એને પાંચનું ભરણપોષણ કરવાનું આવ્યું.

એક દિવસ માતાએ એને કહ્યું : 'બેટા, ભણવાનું છોડી હવે તું નોકરીએ લાગ. કુટુંબની આ નાવને તારે જ સામે પાર લઈ જવાની છે. મારાથી મહેનત મજૂરી થઈ શકે તેમ નથી. હું શરીરે અપંગ સરખી છું. નોકરી માટે તું સગાં અને સંબંધીઓની મદદ લે. મનુષ્ય યત્ન તો ઈશ્વરકૃપા.'

રાજુની લગનીથી એને અઠવાડિયામાં જ નોકરી મળી ગઈ. એના એક ઓળખીતા શેઠે પાસેના શહેરમાં મીઠાઈની દુકાન પર નોકરી અપાવી હતી.

ઘરમાં ગમગીનીભર્યા વાતાવરણમાં સુખની લહેર આવી ગઈ.

રાજુ હર્ષોલ્લાસ સાથે ઘરેથી નીકળ્યો. નીકળતી વખતે માએ એને સો રૂપિયાની નોટ આપી કહ્યું : 'બેટા, તારા માટે આ સો રૂપિયા એક શાહુકારને ત્યાંથી વ્યાજે લાવી છું. મુસીબતમાં એ તારા ખપમાં આવશે.'

રાજુ ભાઈ–બહેનોને ભેટી પડયો. માતાના પગે પડયો. આંખમાં આંસુ સાથે એ થેલો ઉપાડી ચાલવા લાગ્યો. રસ્તામાં માએ સમજૂતી આપવા માંડી, 'બેટા, પ્રામાણિકપણે કામ કરજે. પૈસા માટે નીતિમત્તાને વેચીશ નહિ. ઈજ્જત માટે પૈસાથી હાથ ધોવા પડે તો તેમ કરજે. ગયેલી ઈજ્જત કેમેય પાછી આવતી નથી. લોકો વર્ષો સુધી એવી વાતો યાદ કરી મહેણાં મારે છે. આખરે સત્ય તરે છે, જૂઠ ડૂબે છે. ધીરજવાન એ છે કે જે પોતાના ધ્યેયમાં અડગ રહે છે.'

'મા, હું તારી વાતને શિરે ચડાવું છું. ખાવાનું હું ભૂલીશ પણ આ તારી સોનેરી શિખામણ કદી નહિ ભૂલું.'

એટલામાં બસ આવી. રાજુ બસમાં બેસી શહેરમાં ગયો.

રાજુ મીઠાઈની દુકાન પર બેસી ખૂબ જ ઉત્સાહથી કામ કરતો હતો. કંદોઈ કામ બતાવે તે પહેલાં તે કામની શરૂઆત કરી દેતો હતો. એની આવી અગમચેતી અને પ્રામાણિકતા પર શેઠના ચારે હાથ હતા.

પરંતુ સપ્તાહ બાદ એક ખરાબ ઘટના બની ગઈ. કંદોઈ રોજની જેમ રાત્રે હિસાબ મેળવતો હતો. આ હિસાબમાં એને ભૂલ આવતી હતી. એણે બે–ત્રણ વાર ગણતરી કરી જોઈ – પણ ભૂલ ન પકડાઈ તે ન જ પકડાઈ.

આખરે એણે રાજુને આ વાત કરી. રાજુને લાગ્યું કે કંદોઈ મારા પર શંકા કરે છે. એને માતાના શબ્દો યાદ આવ્યા, 'ઈજ્જત માટે પૈસાથી હાથ ધોવા પડે તો તેમ કરજે.'

રાજુ ઊભો થયો. પોતાના થેલામાંથી સો રૂપિયા લાવી શેઠને દેતાં કહ્યું : 'લો શેઠ, આ તમારા સો રૂપિયા. મને તે દુકાનમાંથી મળ્યા છે.'

શેઠનો રાજુ પરનો વહેમ સાચો ઠર્યો. એણે રાજુના ગાલ પર ધડાધડ લાફા માર્યા. સાચેસાચી વાત કરી દેવા એને મજબૂર કર્યો.

રાજુએ રડતાં રડતાં સત્ય હકીકત કહી સંભળાવી. શેઠે કહ્યું, 'સાલા, તું બહુ જલદીથી વાર્તા રચી કાઢે છે. હવે પછી ગોટાળો કર્યો છે તો તને સીધો પોલીસમાં સોંપી દઈશ.'

રાજુ ખરેખર ધ્રૂજી ઊઠ્યો. એ વિચારવા લાગ્યો. 'સો રૂપિયા ગયા. ઈજ્જત ગઈ. માર ખાધો ને હવે નોકરી પણ જશે કે શું ?'



'આ તો સત્ય ડૂબ્યું ને જૂઠ તર્યું. જગતમાં સત્યનું મૂલ્ય ક્યાં થાય છે ?'

એ રાત્રે એણે કાંઈ જ ન ખાધું. પાણીનો પ્યાલો પીને સૂઈ ગયો. બીજે દિવસે તે કામે લાગ્યો, પણ એનામાં ઉમંગ નહોતો. ગઈ કાલના બનાવને તે ભૂલી શકતો ન હતો.

બીજા ત્રણ–ચાર દિવસ સુધી તે અર્ધો, ભૂખ્યો રહેતો હતો. કંદોઈના ઘરના કોઈ તેના પ્રત્યે હમદર્દી બતાવતાં ન હતાં. ચાર દિવસને અંતે તે સાવ નબળો પડી ગયો. આ જોઈ કંદોઈની પત્નીનું અંતર દ્રવી ગયું. એ કંદોઈની પાસે આવી કહેવા લાગી :

'સાંભળો, મને રાજુ નખશિખ પ્રામાણિક લાગે છે. એ રૂપિયા ગમે તે રીતે ગુમ થયા છે, પણ રાજુએ નથી લીધા તેવું મારું અંતર બોલે છે.'

કંદોઈએ ધમકાવીને પત્નીને ચૂપ કરી દીધી, 'તું પણ એની કાલ્પનિક વાતો પર વિશ્વાસ કરે છે ?' એ રાત્રે કંદોઈનો મોટો છોકરો કે જે માલ ખરીદવા શહેરમાં ગયો હતો તે પાછો ફર્યો. સૌ જમીને ટોળટપ્પાં મારતા હતા. એવામાં રાજુની વાત નીકળી, ત્યારે કંદોઈના મોટા છોકરાએ કહ્યું : 'પિતાજી, તે દિવસે મેં આપને પૂછ્યા વગર વકરામાંથી સો રૂપિયા લીધા હતા એનો આ રહ્યો હિસાબ. બસ આવવાથી આપને વાત કર્યા વગર ચાલ્યો ગયો હતો.'

સો રૂપિયાનો તાળો મળવાથી કંદોઈ ઝંખવાણો પડી ગયો. એણે વગર વિચારે નિર્દોષ છોકરા પર જુલમ કર્યો હતો તેનો પસ્તાવો થતો હતો.

એણે સાદ પાડી રાજુને બોલાવ્યો. રાજુ પોતાની ઓરડીમાં અફસોસ કરતો સૂતો હતો. એ ડરતો ડરતો સૌ બેઠાં હતાં ત્યાં આવ્યો.

કંદોઈ એને ભેટી પડયો અને બોલ્યો, 'બેટા, તું સાચો છે. તું અંતરથી મને ક્ષમા આપ તો જ મારા હૃદયને શાંતિ થશે. ગરીબ સંસ્કારે ગરીબ નથી હોતા. સત્ય તરે છે. જૂઠ ડૂબે છે. આ તારી માતાના શબ્દો મહાન છે. હવે આવું નહિ બને.'

એટલું જ નહિ શેઠે બીજે દિવસે રાજુને બસો રૂપિયા આપી માતાને મળી આવવા વતન મોકલ્યો.

રાજુની આંખમાંથી આંસુ સરી પડયાં. એ વિચારવા લાગ્યો કે, પ્રામાણિક અને આપસૂઝવાળા માણસોની કદર જગતમાં થાય જ છે.'

■